કમિશનરશ્રી, શાળાઓની કચેરી,
૯/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન,
ગુ.રા., ગાંધીનગર.
તા. ૦૯/૦૧/૨૦૧૮

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
તમામ

**વિષય** : ગુજરાત રાજ્ય આચાર્ય સંઘના અધિવેશન બાબત
**સંદર્ભ** : પ્રમુખશ્રી, ગુજરાત રાજ્ય આચાર્ય સંઘનો તા. ૧/૧૨/૧૭નો પત્ર

ઉપરોક્ત વિષય અને સંદર્ભ પરત્વે જણાવવાનુ કે, ગુજરાત રાજ્ય આચાર્ય સંઘનુ ૨૦૧૭-૧૮ના વર્ષમા ત્રણ (૦૩) દિવસનુ અધિવેશન ગુજરાત રાજ્યની અંદર યોજવાની પરવાનગી આપવામા આવે છે.

સરકારશ્રીના શિક્ષણ વિભાગના તા. ૨/૭/૧૯૯૯ના ઠરાવના પરિશિષ્ટ-૨ની આઈટમ નં. ૩૫ અનુસાર સેમિનાર/પરિષદ અન્વયેનો ખર્ચ માન્ય કરવાની જોગવાઈ કરવામા આવેલ છે. જેના આધારે સેમિનાર/પરિષદ માટેની ફી રૂ/ ૮૦૦/- (અંકે આઠસો પુરા) તથા અધિવેશનમા હાજરી આપતા આચાર્યના પ્રવાસ ભથ્થા અને દૈનિક ભથ્થાનો ખર્ચ નિયમોનુસાર મળવાપાત્ર થશે.

ઉક્ત ખર્ચ શાળાને મળવાપાત્ર ઇત્તર ખર્ચની જોગવાઇ મુજબ ગ્રાન્ટને પાત્ર ગણવા માટે નિયમોનુસાર કાર્યવાહી કરવા જણાવવામા આવે છે.

સંઘના અધિવેશન માટેનુ સ્થળ અને તારીખ સંઘની અનુકુળતા પ્રમાણે નક્કી કરવાનુ રહેશે. પરંતુ આ અધિવેશન વધુમા વધુ ત્રણ (૦૩) દિવસથી વધુ ન હોવુ જોઇએ. અધિવેશન ખરેખર જે તારીખે યોજાય તેની અત્રેની કચેરીને જાણ કરવાની રહેશે.

"નોંધ પર માન. નિયામકશ્રીના આદેશથી"

(દિનેશ એસ.પટેલ )
સંયુકત શિક્ષણ નિયામક
(માધ્યમિક)
ગુ.રા.,ગાંધીનગર.

નકલ રવાના :-

શ્રી પ્રવિણસિંહ આર. સોલંકી, રાજ્ય પ્રમુખશ્રી, જે. આર. પટેલ, ટકારમા માધ્ય. શાળા, મુ. ટકારમા તા. ઓલપાડ, જિ. સુરત